આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

તારીખ : ૧૨-૧૨-૨૦૨૪ સમય : સાંજે ૦૬:25 કલાકે

---

**<u>વન નેશન વન ઈલેક્શન:</u>**

'વન નેશન-વન ઇલેક્શન' એટલે કે એક દેશ એક ચૂંટણી વિધેયકના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. આ બિલ આવતા સપ્તાહે સંસદમાં રજૂ થઈ શકે છે. સરકાર આ બિલ પર સર્વસંમતિ બનાવવા માગે છે, તેથી આ બિલને સંસદમાંથી સંયુક્ત સંસદીય સમિતિને ચર્ચા માટે મોકલવામાં આવશે. સંયુક્ત સંસદીય સમિતિ આ બિલ પર તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરશે.

અગાઉ સપ્ટેમ્બરમાં કેન્દ્રીય કેબિનેટે 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે 'પ્રથમ તબક્કામાં વિધાનસભા અને લોકસભા ચૂંટણી એકસાથે યોજાશે. આ પછી 100 દિવસમાં બીજા તબક્કામાં નાગરિક ચૂંટણીઓ યોજાશે.

---

**<u>સીએમ-કાર્યકાળને બે વર્ષ:</u>**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્યમંત્રી તરીકેના બીજા કાર્યકાળને આજે 2 વર્ષ પૂર્ણ થયા છે. આ નિમિત્તે પ્રજાકિય કલ્યાણના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદમાં લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં જઇને શ્રમિકોને ભોજન પીરસ્યું હતું.

અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે. મુખ્યમંત્રીએ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ

કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧ મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------

**<u>પ્રભારી મંત્રી-ભુજમાં બેઠક:</u>**

આજે જિલ્લા સેવા સદન ભુજ ખાતે કચ્છના પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિવિધ પ્રજાલક્ષી પ્રશ્નોને લઈને સમીક્ષા બેઠક યોજાઈ હતી. ધારાસભ્યો અને પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને જિલ્લાના પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત પ્રભારીમંત્રી સમક્ષ કરી હતી.

આ સમીક્ષા બેઠકમાં પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયા સમક્ષ જિલ્લામાં . ટુરિઝમને ધ્યાને લઈને વિવિધ સુવિધાઓનું નિર્માણ, નવા રોડ રસ્તાઓની મંજૂરી અને પેચવર્ક, નગરપાલિકા સહિતના વિસ્તારોમાં ગટર અને સાફ સફાઈ ઝુંબેશ, નગરપાલિકા વિસ્તારમાં સુદઢ અગ્નિશમન વ્યવસ્થા, ગૌચર દબાણને લગતા વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. પ્રભારીમંત્રીએ આ પ્રશ્નોને સાંભળીને તેનું વહેલીતક યોગ્ય નિવારણ લાવવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ પદાધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોનું પ્રભારીમંત્રીની સૂચના મુજબ તાત્કાલિક નિવારણ કરવામાં આવે તે માટે સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી.

--------------------------------------------------------------------

**<u>હવામાન:</u>**

કચ્છમાં શિયાળાની પકડ સતત મજબૂત બની રહી છે. નલિયા 7.8 ડીગ્રી ન્યૂનતમ તાપમાન સાથે રાજ્યના શિત મથક તરીકે નોંધાયું છે. તો ભુજમાં લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડીગ્રી રહ્યું છે.

ઠંડી વધવાથી વહેલી સવારે અને સાંજે રસ્તાઓ પર ચહલપહલ ઘટી છે, મોટા ભાગના લોકો સંપૂર્ણપણે ગરમવસ્ત્રમાં લપેટાયેલા જોવા મળે છે. ઠંડીના કારણે તાવ, શરદી, ઉધરસની બીમારીમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે.

જિલ્લામાં ઠંડી વધતાં શાળાઓની સવારની પાળીના સમયમાં ફેરફાર કરાયો છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળા સમય અડધો કલાક મોડો કરી નિયત શૈક્ષણિક કાર્યનો સમય જળવાઇ રહે તેવું આયોજન ગોઠવવા જણાવાયું છે..

---------------------------------------------------------------------------

<u>બાર એસોસિએશન:</u>

સમગ્ર ગુજરાતમાં આગામી તા. 20 ડિસેમ્બરે બાર એસોસિએશનની ચૂંટણી યોજાવાની છે, જે સાથે કચ્છના તાલુકા મથકોએ બાર એસોસિએશનની ચૂંટણી અંગેની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. અને મોટા ભાગના સ્થળોએ ઉમેવારી ફોર્મ ભરાઈ ચુક્યા છે.

ભુજ બાર એસોસિએશનની 22 બેઠકો માટે 48 ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાશે, તો ગાંધીધામ બાર એસોસિએશન માટે પ્રમુખ પદ સિવાયના હોદ્દા બિનહરીફ જાહેર થઈ ચૂક્યા છે. અંજાર બાર એસો.માં પણ અમુક હોદ્દાઓ બિનહરીફ થયા છે. બિનહરીફ થયેલા ઉમેદવારોની સત્તાવાર જાહેરાત આગામી તા. 20 ના ચૂંટણીના દીવસે થશે.

--------------------------------------------------------------

<u>હરીપર-ફિલ્ડ ફાયરીંગ:</u>

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૨ ઉપર ૧૩મી અને ૧૪મી ડિસેમ્બરે આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે. જેથી ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા પશુઓને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઇપણ વ્યક્તિ ફાયરિંગ રેન્જમાં પ્રવેશ કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.